આંક– ૬૩

શ્રી ઝેડ. બી. દેસાઈ, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં. ૧, અમદાવાદ સમક્ષ

રેફરન્સ (એલ.સી.એ.) નં.૧૫૦૮/૨૦૦૧

(૧) પ્રીત ઓટો ઈન્ડ.
ઈન્ડ. ૪૫/૪૬, આદર્શ ઈન્ડ. એસ્ટેટ,
રખીયાલ, અમદાવાદ.

(૨) પાલસેલ કાસ્ટ,
C/o: પાલ લાઈનર એન્ડ સીલેન્ડર,
પ્લોટ નં. ૩૮૧, ૩૮૨, ૩૮૩,
જી. આઈ.ડી.સી., ઓઢવ,
અમદાવાદ. ... પ્રથમ પક્ષકાર

વિરૂધ્ધ

જીતેન્દ્ર ગોરાભાઈ મકવાણા વત્તા ૧
ઠે. ૨૮/૧૦૪, શેઠ કોઠાવાળા વોરાની ચાલ,
ડી–૩૦ દવાખાના સામે, રાજપુર ગોમતીપુર,
અમદાવાદ.
C/o: મજદુર સંઘર્ષ સંઘ,
ઈ–૪૩, આશારામનગર,
પો. ઠક્કરબાપાનગર,
અમદાવાદ. ... બીજા પક્ષકાર

વિષય:–આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) (સી) મુજબ ઔદ્યોગિક વિવાદ

પ્રથમ પક્ષકાર તરફે : વિ. પ્રોકસી વકીલ શ્રી પારસભાઈ પટેલ
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી એસ. કે. કાઝી

–:: એવોર્ડ ::–

૧. મદદનીશ મજુર કમીશ્નરશ્રી, અમદાવાદે તેમના તા. ૨૩/૧૦/૨૦૦૧ ના હુકમ નં. કેએચ/એસએચએમસી/આર/ક/ – / આઈડીઆર/ એજે/ ૬૮૦, ૬૮૧/૦૧ થી સદરહુ રેફરન્સ ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે.

<u>અનુસૂચિ</u>

(૧) જીતેન્દ્ર ગોરાભાઈ મકવાણા (૨) ટીનુભાઈ ધનજીભાઈ મકવાણાને તેમની

મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. આ કામના બીજા પક્ષકારોએ આંક – ૭ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં વિગત એવી છે કે, બન્ને બીજા પક્ષકારો સંસ્થા નં. ૧ માં ૧૧ વર્ષથી મશીન ખાતામાં કુશળ અને કાયમી કામદાર તરીકે ટર્નરનું કામ ખંત, વફાદારી અને ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતા હતા. બીજા પક્ષકારોને નોકરીમાંથી છુટા કરતા બે – ત્રણ માસ અગાઉ સંસ્થા નં. ૧ ની માલ મશીનરી એક – એક કરીને સંસ્થા નં. ૨ માં ખસેડી લીધેલ અને સંસ્થા નં. ૧ ના કાયમી કામદારોથી જબરજસ્થી રાજીનામું લખાવી લઈને ગેરકાયદેસર રીતે કોઈ હકકના નાણાં ન આપીને સંસ્થા નં. ૨ માં લઈ જઈ નવેસરથી ભરતી કરી હોય તેવી રીતે અધ્ધરીયા કામદાર તરીકે કામ કરાવી રહયા છે અને સંસ્થા નં. ૨ માં લઈ જઈ કામ લીધેલ. સંસ્થા નં. ૧ અને નં. ૨ એક જ માલિકીની કંપની છે અને સીસ્ટર કન્સર્ન કંપની છે. તેઓનું મેઈન સંચાલન મુખ્ય સંસ્થા તરીકે વેસ્ટર્ન ઓટો સ્પેર્સ, અમરતલાલ એસ્ટેટ, એસ.પી.એફ. ટેક્ષ સામે, રખીયાલ, અમદાવાદમાંથી થાય છે. સંસ્થા નં. ૧ તરફથી બન્ને બીજા પક્ષકારોને દૈનિક રૂ. ૮૦.૫૦ લેખે પગાર ચૂકવવામાં આવતો હતો. બન્ને બીજા પક્ષકારોનો નોકરીના સમય દરમિયાનનો સર્વિસ રેકર્ડ તદૃન સ્વચ્છ અને ડાઘ રહિતનો હતો અને છે.

૩. બીજા પક્ષકારોએ તેમના માંગણાના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે, બન્ને બીજા પક્ષકારો અને અન્ય કામદારો મળીને સંગઠન થઈને મજૂર કાયદા મુજબ મળવા પાત્ર કાયદેસરના હકકો, લાભો અને નોકરીના પુરાવા જેવાં કે, ઓળખ કાર્ડ, પગાર સ્લીપ, હાજરી કાર્ડ, હકક રજા કાર્ડ, હકક રજા, સી. એલ., તહેવારની રજા વગેરે આપતા ન હોઈ, તેની માંગણી સંસ્થા નં. ૧ થી કરતા હતા, જેથી સંસ્થા નં. ૧ માં મેઈન સંસ્થા વેસ્ટર્ન ઓટો સ્પેર્સમાંથી આવતા મેનેજરો અને જવાબદાર અધિકારીઓ નામે (૧) ગુણવંત ભાવસાર, (૨) જયેશ મોરી, (૩) કૌશિક નાયક અને (૪) દીલીપ ભટ્ટ આવીને બન્ને બીજા પક્ષકાર તેમજ અન્ય કામદારોને હકકો, લાભો અને નોકરીના

પુરાવા આપવાની સ્પષ્ટ ઈન્કાર કરતા હતા અને કાયદેસરના હકકો માંગશો તો નોકરીમાંથી છુટા કરી દેવામાં આવશે તેવી ધમકી આપતા હતા. બન્ને બીજા પક્ષકારો અને અન્ય કામદારોને ઓછો પગાર અને અન્ય લાભો આપતા ન હતા. જેથી બન્ને બીજા પક્ષકારો અને અન્ય કામદારો સાથે જોડાઈ સંગઠન થઈને નોકરીના ઉપરોકત હકકો, લાભો માંગતા હતા. બન્ને બીજા પક્ષકારોથી જબરજસ્થી રાજીનામું લખાવી લઈને નવેસરથી સંસ્થા નં. ૨ માં લઈ જઈ કામ કરાવવાનું ચાલુ કરેલ. આથી બન્ને બીજા પક્ષકાર કામદારો અને અન્ય સાથી કામદારોએ તેનો વિરોધ કરેલ અને સંસ્થા નં. ૨ માં ઓછો પગાર અને અધ્ધરીયા કામદાર તરીકે કોઈપણ હકકો, લાભો, નોકરીના પુરાવા આપતા ન હતા અને તેની માંગણી કરતા અને સંસ્થા નં. ૧ માંથી રાજીનામું આપવાનો ઈન્કાર કરતા બન્ને બીજા પક્ષકારોને તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ મૌખિક હુકમથી કોઈપણ નોટીસ કે નોટીસ પગાર, હકકના નાણાં ન આપીને ગેરકાયદેસર, ગેરવ્યાજબી તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ થઈ નોકરીમાંથી છુટા કરેલ છે.

૪. બીજા પક્ષકારોએ વધુમાં જણાવેલ છે કે, બન્ને બીજા પક્ષકારોને તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ ગેરકાયદેસર નોકરીમાંથી છુટા કરેલ હોઈ અને બન્ને કામદારોએ લેખિતમાં તા. ૨૧/૭/૨૦૦૧ ના રોજ રજી. એ. ડી. થી કામ પર પુન: સ્થાપિત કરવા નોટીસ લખેલ. જે પછી સંસ્થાએ બીજા પક્ષકાર ટીનુભાઈના નામથી તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ લખેલ નોટીસ તા. ૨૧/૭/૨૦૦૧ ના રોજ મળેલ અને તેમાં જાણ કરેલ કે, તા. ૧૫/૬/૨૦૦૧ ના રોજથી ઉત્પાદન પ્રક્રિયા બંધ કરેલ હોઈ, સેન્ટ્રલ બેંકનો ચેક નં. ૫૩૧૪૯૬ મોકલી રૂ. ૧૦,૫૯૦/– મોકલેલ. પરંતુ, તેવો કોઈ ચેક ટીનુભાઈને મળેલ ન હતો. તેની જાણ કરતી નોટીસ તા. ૨૩/૭/૨૦૦૧ ના રોજ રજી. એ. ડી. થી જાણ કરેલ છે. આમ બન્ને બીજા પક્ષકારોને સંસ્થાએ ગેરકાયદેસર નોકરીમાંથી છુટા કર્યા પછી હકકના કોઈ નાણાં ન આપી પોતાનો ગુનો છુપાવવા ખોટા ઉપરોકત દર્શાવેલ દસ્તાવેજી પુરાવા ઉભા કરી પોતાનો ખોટો બચાવ કરેલ છે. આમ, બન્ને બીજા પક્ષકારોને તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા

કરવાનું સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે. બન્ને બીજા પક્ષકારોને છુટા કર્યા પછી તેઓની જગ્યાએ નવા કામદારોની ભરતી કરીને કામ કરાવી રહયા છે.

૫. આમ, ઉપરોકત વિગતે સંસ્થાઓનું બન્ને બીજા પક્ષકારોને તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય તદૃન ગેરકાયદેસર, ગેરવ્યાજબી તેમજ કુદરતી ન્યાયના સ્ધ્ધિાંત વિરૂધ્ધ્નું છે તેવો હુકમ કરવા તથા બન્ને બીજા પક્ષકારોને સંસ્થાઓ તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ હોઈ તે છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પુરા પગાર અને તે સાથે લગતા અન્ય હકકો સાથે મૂળ જગ્યાએ સળંગ સર્વિસ ગણી નોકરીમાં પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા રેફરન્સ ખર્ચના રૂ. ૨,૦૦૧/– સંસ્થા પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

૬. બીજા પક્ષકારના માંગણાના નિવેદનનો પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાએ આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરી, માંગણાના નિવેદનની તમામ વિગતોનો ઈન્કાર કરી પોતાનો કેસ રજુ કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા એ ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં વપરાતા સાધનોનું ઉત્પાદન કરતી હતી. પરંતુ, છેલ્લા ઘણાં સમયથી ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં સંસ્થા પસાર થઈ રહેલ હતી. સંસ્થા પાસે છેલ્લાં ઘણાં સમયથી પૂરતા ઓર્ડર નહોતા તેમજ બજારમાં તીવ્ર હરીફાઈ અને આર્થિક મંદીના કારણે સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા પૂરતા પ્રમાણમાં થઈ શકતી નહોતી અને સંસ્થાની આર્થિક પરિસ્થિતિ દિન–પ્રતિદિન કથળતી જતી હતી તેમજ અન્ય કાબૂ બહારના સંજોગોને ધ્યાનમાં લઈ સંસ્થા ચાલુ રાખવી શકય ન હોવાના કારણે તા. ૧૫/૬/૨૦૦૧ ના રોજથી સંસ્થા બંધ કરવામાં આવી હતી અને તે અંગેની જાણ સંબંધિત કામદારોને રજી. એ. ડી. થી કરવામાં આવેલ હતી અને સાથોસાથ તેમના નીકળતા હકકોની રકમનો ચેક સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનો તે નોટીસ સાથે મોકલી આપવામાં આવેલ. આમ, સંબંધિત કામદારોને તેમની કોઈ ગેરવર્તણૂક બાબત

નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી કે માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ વિવિધ પ્રકારના હકકોની માંગણી કરતા, તે માંગણી સ્વીકારવી ન પડે તેવા આશયથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તા. ૧૫/૬/૨૦૦૧ ના રોજથી છુટા કરવામાં આવેલ છે અને તે પણ ઉત્પાદન બંધ થવાના કારણે તેમ કરવામાં આવેલ અને તે અંગેની જાણ કરતી નોટીસ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ હતી અને વ્યકિતગત જાણ તા. ૧૭/૭/૨૦૦૧ ના પત્રથી કરવામાં આવેલ હતી અને કામદારોની નોકરી તા. ૧૫/૬/૨૦૦૧ ના રોજથી સમાપ્ત થઈ ગયેલ હતી. આમ, બન્ને સંબંધિત કામદારોને સંસ્થા બંધ થવાના કારણે નોકરીમાંથી કાયદેસર કાર્યવાહી કરી છુટા કરવામાં આવેલા છે. માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ કોઈ કામદારોના રાજીનામાં લેવામાં આવેલ નથી કે સંબંધિત કામદારોના રાજીનામા પણ લેવામાં આવેલ નથી અને રાજીનામાના કારણે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી. વધુમાં ટર્મ્સ ઓફ રેફરન્સ જે ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવેલ છે તેમાં પણ તા. ૪/૬/૨૦૦૧ ના રોજથી મૌખિક હુકમથી છુટા કરવા બાબત કરવામાં આવેલ છે. જયારે સંસ્થા બંધ થવાના કારણે તેમને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોઈ, તે હકીકતનો ન્યાય નિર્ણય કરાવવાનો રેફરન્સ કરવામાં આવેલ નથી અને તેથી રેફરન્સ ટકી શકે તેમ ન હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

૭. બીજા પક્ષકારના માંગણાના નિવેદનનો પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે આંક – ૧૨ થી લેખિત જવાબ રજુ કરી, માંગણાના નિવેદનની તમામ વિગતોનો ઈન્કાર કરી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, આ કામના બીજા પક્ષકારો, પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થાના કામદાર જ નથી. બીજા પક્ષકારોએ તેઓની સંસ્થામાં તેઓના કામદાર તરીકે કોઈપણ વર્ષમાં, કોઈપણ દિવસે કે કોઈપણ સમયે કામ જ કરેલ નથી તેમજ બન્ને પક્ષકારો વચ્ચે માલિક અને નોકરના સંબંધો જ અસ્તિત્વમાં આવેલા ના હોઈ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર છે.

૮. પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થાએ પોતાનો કેસ રજુ કરી જણાવેલ છે કે, આ કામના બન્ને બીજા પક્ષકારો પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થાના કામદાર જ નથી અને બીજા પક્ષકારોએ તેઓની સંસ્થામાં તેઓના કામદારો તરીકે કોઈપણ વર્ષમાં, કોઈપણ દિવસે કે કોઈપણ સમયે કામ જ કરેલ નથી કે બન્ને પક્ષકારો વચ્ચે કયારેય માલિક અને નોકરના સંબંધો જ અસ્તિત્વમાં આવેલ જ નથી અને જયારે બીજા પક્ષકારો પ્રથમ પક્ષકાર નં. ૨ ના કામદાર જ નથી ત્યારે તેવા સંજોગોમાં રેફરન્સમાં માંગેલ છે તેવી કોઈપણ દાદ કાયદેસર રીતે મેળવવા હકદાર થતાં જ ના હોઈ રેફરન્સ ટકી શકે તેમ ના હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

૯. આ કામમાં પક્ષકારો તરફે નીચે મુજબના દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા રજુ કરેલ છે.

<u>બીજા પક્ષકાર તરફે:–</u>

અ.નં.	વિગત	માર્ક / આંક
૧.	બીજા પક્ષકાર ટીનુભાઈને તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ પ્રથમ પક્ષકારે લખેલ નોટીસનો જવાબ રજી. એ. ડી. થી મોકલ્યો તે – તા. ૨૩/૭/૨૦૦૧	માર્ક–૧૩/૧ આંક – ૨૧
૨.	માર્ક–૧૩/૧ વાળી નોટીસ રજી. એ. ડી. થી મોકલી તેની સ્લીપ – તા. ૨૪/૭/૨૦૦૧	માર્ક–૧૩/૨ આંક–૨૨
૩.	માર્ક–૧૩/૧ વાળી નોટીસ પ્રથમ પક્ષકારને મળી ગયાની એકનોલેજમેન્ટ – તા. ૨૫/૭/૨૦૦૧	માર્ક–૧૩/૩ આંક–૨૩
૪.	બન્ને બીજા પક્ષકાર કમદારે નોકરીમાં પુન: સ્થાપિત થવા રજી. એ. ડી. થી નોટીસ મોકલી તે નોટીસ – તા. ૨૧/૭/૨૦૦૧	માર્ક–૧૩/૪
૫.	માર્ક–૧૩/૪ વાળી નોટીસની રજી. એ. ડી. સ્લીપ – તા. ૨૪/૭/૨૦૦૧	માર્ક–૧૩/૫
૬.	પ્રથમ પક્ષકાર પાલ સેલ કાસ્ટ રજી. એ. ડી. સદર નોટીસ ''લેવાની ના પાડેલ છે'' શેરા સાથે પરત આવેલ તે. તા. ૨૫/૭/૨૦૦૧	માર્ક–૧૩/૬

૭.	પ્રથમ પક્ષકાર પાલ સેલ કાસ્ટ રજી. એ. ડી. સદર નોટીસ '' લેવાની ના પાડે છે '' શેરા સાથે પરત આવેલ તે. – તા. ૨૫/૭/૨૦૦૧	માર્ક–૧૩/૭
૮.	બીજા પક્ષકાર જીતેન્દ્ર ગોરાભાઈ મકવાણાની કોર્ટ રૂબરૂ જુબાની તથા ઉલટ તપાસ	આંક – ૧૪
૯.	બીજા પક્ષકાર ટીનુભાઈ ધનજીભાઈ મકવાણાની કોર્ટ રૂબરૂ જુબાની તથા ઉલટ તપાસ	આંક – ૨૦
૧૦.	બીજા પક્ષકારો તરફે કલોઝીંગ પુરસીસ	આંક – ૨૮
૧૧.	નાયબ શ્રમ આયુકશ્રીની કચેરી તરફથી મળેલ તા. ૨૯/૧/૨૦૧૦ ના જવાબની નકલ	માર્ક–૩૫/૧
૧૨.	પ્રોવિડંડ ફંડ કચેરી તરફથી મળેલ તા. ૭/૧૨/૨૦૧૦ ના જવાબની નકલ	માર્ક–૩૫/૨

<u>પ્રથમ પક્ષકાર તરફે:–</u>

અ.નં.	વિગત	માર્ક / આંક
૧.	સંબંધિત કામદારને સંસ્થા બંધની મોકલેલ પત્ર અસલ – તા. ૧૭/૭/૨૦૦૧	માર્ક–૨૪/૧ આંક – ૪૧
૨.	માર્ક–૨૪/૧ વાળા પત્રની રજી. એ. ડી. ની પહોંચ – તા. ૧૭/૭/૨૦૦૧	માર્ક–૨૪/૨ આંક – ૪૨
૩.	માર્ક–૨૪/૧ વાળો પત્ર યુ.પી.સી. નો મોકલેલ તેની કોપી – તા. ૧૭/૭/૨૦૦૧	માર્ક–૨૪/૩ આંક – ૪૩
૪.	યુ.પી.સી. થી મોકલેલ પત્ર પરત આવેલ કવર	માર્ક–૨૪/૪ આંક – ૪૪
૫.	રજી. એ. ડી. થી મોકલેલ પત્ર પરત આવેલ કવર	માર્ક–૨૪/૫ આંક – ૪૫
૬.	સંસ્થાએ સરકારી મજૂર અધિકારીશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજના આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૧ આંક–૪૬
૭.	સંસ્થાએ કંટ્રોલીંગ ઓથોરીટી સાહેબને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૨ આંક–૪૭
૮.	સંસ્થાએ સરકારી પગાર ધારા ઈન્સ્પેકટરશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૩ આંક–૪૮

૯.	સંસ્થાએ મજૂર કમિશનરશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૪ આંક–૪૯
૧૦.	સંસ્થાએ મદદનીશ મજૂર કમિશનરશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૫ આંક–૫૦
૧૧.	સંસ્થાએ સચિવશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૬ આંક–૫૧
૧૨.	સંસ્થાએ ફેકટરી ઈન્સ્પેકટરશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૭ આંક–૫૨
૧૩.	સંસ્થાએ ચીફ ફેકટરી ઈન્સ્પેકટરશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૮ આંક–૫૩
૧૪.	સંસ્થાએ પ્રોવિડન્ટ ફંડ કમિશનરશ્રીને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૯ આંક–૫૪
૧૫.	સંસ્થાએ ડાયરેકટરશ્રી ઈ.એસ.આઈ. કોર્પોરેશનને રૂબરૂમાં તા. ૧૭/૭/૨૦૦૧ ના રોજ આપેલ પત્રની નકલ	માર્ક–૨૫/૧૦ આંક–૫૫
૧૬.	સંસ્થાએ મજૂર કમિશનર કચેરીમાં રૂબરૂમાં આપેલ ફોર્મ નં. ૨૪, તા. ૩૦/૬/૨૦૦૧	માર્ક–૨૫/૧૧ આંક–૫૭
૧૭.	કારખાનાના સિનિયર નિરીક્ષક કચેરીએ સંસ્થાને લખેલ પત્રની નકલ – તા. ૨૩/૮/૨૦૦૨	માર્ક–૨૫/૧૨ આંક–૫૭
૧૮.	પ્રથમ પક્ષકારના સાહેદ જયેશભાઈ હરીભાઈ મોરીની મૌખિક જુબાની સ્વરૂપે સોગંદનામું તથા તે તળે ઉલટ તપાસ	આંક –૩૩
૧૯.	સંસ્થાનો શેડ વેચેલ તેના વેચાણ દસ્તાવેજની નકલ	માર્ક–૩૪/૧ આંક– ૫૮
૨૦.	સંસ્થાનો શેડ વેચેલ તેના વેચાણ દસ્તાવેજની નકલ	માર્ક–૩૪/૨ આંક– ૫૯

૧૦. આ કામમાં બીજા પક્ષકાર તરફે આંક – ૩૮ થી લેખિત દલીલો રજુ થયેલ છે તથા આ કામમાં પ્રથમ પક્ષકાર તરફે તેઓના પ્રોકસી વિધ્વાન વકીલશ્રી પારસભાઈ પટેલની મૌખિક દલીલો સાંભળી તથા બીજા પક્ષકાર તરફે તેઓના વિધ્વાન પ્રતિનિધિશ્રી એસ. કે. કાઝીની રીપ્લાયની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

મુદ્દાઓ:–

(૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કર્યા હોઈ, નોકરીની મૂળ જગ્યાએ સળંગ નોકરી સહિત પુન: સ્થાપિત થવા હકકદાર છે?

(૨) શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પુરા પગાર તથા તમામ મળવા પાત્ર આનુસાંગીક લાભો સાથે નોકરીની સાતત્યતા સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

(૩) શું હુકમ?

૧૧. ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

નિર્ણય:–

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

૧૨. આ કામમાં ઉપરોકત મુદ્દાના નિર્ણયો માટેના કારણો જોઈએ તે પહેલાં બન્ને પક્ષે રજુ થયેલ દલીલો જોઈએ તો, બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધિશ્રી એસ. કે. કાઝીએ આંક – ૩૮ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તેની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

૧૩. બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ કામદાર તરીકે વફાદારીપૂર્વક તેમની ફરજો બજાવતા હતા. નોકરી દરમિયાન કોઈપણ જાતનો ગુનો કે ગેરવર્તણૂક કરેલ નહીં અને તેઓ કાયમી કામદાર હતા. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા પગાર સિવાય બીજા કોઈ હક, લાભ કે પુરાવા આપતા ન હતા. જે અંગે કાયદેસરના હકકો અને પુરાવાની માંગણી કરતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને એક યા બીજા બહાને છુટા કરવાનું શોધતી હતી અને કોઈ મોકો

આપેલ નહીં. પ્રથમ પક્ષકાર નં.૧ નું કામકાજ પ્રથમ પક્ષકાર નં. ૨ માં ચાલુ કરી બીજા પક્ષકાર પાસેથી બળજબરીપૂર્વક રાજીનામું માંગી છુટા થઈ જવાનું જણાવેલ. પરંતુ, બીજા પક્ષકારે નોકરીની માંગણી કરતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતના હકકો ન ચૂકવી ગેરકાયદેસર રીતે તા.૪/૬/૨૦૦૧ ના રોજ છુટા કરેલ છે. જયારે યુનિયન સિવાયના અન્ય કામદારો તેમજ સ્ટાફને પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થામાં શીફટ કરેલ. જયારે બીજા પક્ષકારને રાખવાની સ્પષ્ટ ના પાડી દીધેલ. જેથી પુન: સ્થાપિત થવા હાલની દાદ માંગેલ છે તેવી તેમની દલીલ છે.

૧૪. બીજા પક્ષકારે તેમનો કેસ સાબિત કરવા મૌખિક પુરાવા એફીડેવીટ અને લેખિત દસ્તાવેજો ફાઈલ કરેલ છે. જયારે સંસ્થા તરફે શ્રી જયેશભાઈ હરીભાઈ મોરીને સાક્ષી તરીકે તપાસેલ છે. તેઓ તેમની ઉલટ તપાસમાં લેખિત જવાબથી વિપરીત હકીકતો દર્શાવેલ છે. તેઓની ઉલટ તપાસ જોતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરેલ છે તેવું સાબિત થાય છે. આ સાહેદ પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થામાં ફરજ બજાવે છે તેવું સ્પષ્ટપણે જણાવે છે. પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થાના અસલ ઓળખ પત્ર રજીસ્ટર, પગાર પત્રક જેવાં અગત્યના દસ્તાવેજો આ કામમાં રજુ કરેલ નથી. તેમજ માલિક કે અન્ય સાક્ષીને કેસમાં તપાસેલ નથી. એટલું જ નહીં અન્ય સાક્ષીઓને આ કેસમાં તપાસેલ નથી. બીજા પક્ષકારને મોકલેલ ચેક તેમજ નોટીસો પણ બીજા પક્ષકારને મળેલ નથી, જે આ કેસમાં સંસ્થાએ દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલ છે. આમ, જૂના કામદારોને રીટ્રેન્ચ કરી નવા કામદારો પાસેથી કામ લેતા. બીજા પક્ષકારે સરકારી મજૂર અધિકારીને ફરિયાદ આપેલ અને સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ. સંસ્થાએ કામદારને છુટા કરી આઈ. ડી. એકટ, ૧૯૪૭ ની કલમ – ૨૫, ૨૫(એફ), (જી), (એચ) ની જોગવાઈઓનું પાલન કરેલ નથી અને જુદા જુદા કામદારોને કામે રાખી બીજા પક્ષકારને બેકાર બનાવી દીધેલ છે. આમ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાના કેસ રેકર્ડમાં કાવા દાવા ધ્યાને લેતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ છે તેવું સ્પષ્ટ સાબિત થાય છે.

૧૫. બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કર્યા બાદ નોકરી મેળવવા બીજે ઘણો પ્રયત્ન કરેલ હોઈ, નોકરી મળેલ નહીં અને હાલ તેઓ બેકાર છે જે હકીકત સોગંદ ઉપર જણાવેલ હોઈ, ગેઈનફુલ એમ્પ્લોયમેન્ટ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આધારભૂત પુરાવો પણ રજુ કરેલ ના હોઈ, પડેલા દિવસોના પગાર મેળવવા બીજા પક્ષકાર હકદાર છે તેવી તેઓની દલીલ છે. સબબ, બીજા પક્ષકારનો રેફરન્સ દાખલરૂપ ખર્ચ સહિત મંજૂર કરવા અને પડેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુન: સ્થાપિત કરે તેવો સંસ્થાને હુકમ ફરમાવવા બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધિની દલીલ છે.

૧૬. આ કામમાં પ્રથમ પક્ષકારના વિધ્વાન વકીલશ્રી પી. પી. પટેલની દલીલ એવી છે કે, આ કામના બંને બીજા પક્ષકારોને છુટા કર્યાની તારીખ મજુર કમિશ્નરશ્રી રૂબરૂની ફરીયાદમાં તા.૧૫/૭/૨૦૦૧ જણાવેલ છે. જ્યારે માંગણા નિવેદન આંક– ૭ માં જે વિગતો જણાવેલ છે તે બીજા પક્ષકારે શા આધારે જણાવી તે સ્પષ્ટ થતુ નથી. જ્યારે બીજા પક્ષકાર નં.૧ જીતેન્દ્ર ગોરાભાઈ મકવાણાની આંક–૧૪ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ૧૫/૬/૨૦૦૧ સુધી કામ કર્યુ છે જ્યારે સરતપાસમાં અને માંગણા નિવેદનમાં તા.૧૫/૭/૨૦૦૧ ના છુટા કર્યાનુ જણાવેલ છે. તેમજ સંસ્થાનુ કવર રીફ્યુઝ થયાનું સ્વીકારે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.ર માં કયારેય કામ નહીં કર્યાનુ સ્વીકારે છે. રીટ્રેંચમેન્ટ કર્યાનુ ઉલટમાં સ્વીકારે છે. સંસ્થા બંધ થયાનો પત્ર દરેક કામદારને મોકલ્યાનુ સ્વીકારે છે. પાલ સેલ સંસ્થામાં કામ કરેલ નથી તેમ સ્વીકારે છે. આંક–૨૪ થી પ્રથમ પક્ષકારના દસ્તાવેજો રજુ છે. જે દસ્તાવેજોને અનુક્રમ આંક–૪૧ થી ૪૫ આપવામાં આવેલ છે. આંક–૨૫ થી પણ પ્રથમ પક્ષકારનું દસ્તાવેજી પુરાવા લીસ્ટ છે. જેને આંક–૪૬ થી ૫૭ આપવામાં આવેલ છે. તે દસ્તાવેજો જોતા સંસ્થા બંધ થઈ ગયેલ હોય સંસ્થાનો શેર વેચાણ થઈ ગયાના દસ્તાવેજો આંક–૩૪ ના દસ્તાવેજ પુરાવા લીસ્ટથી રજુ થયેલ છે અને તેને આંક–૫૮ અને ૫૯ આપવામાં આવેલ છે. આંક–૩૫ ના બીજા પક્ષકારે રજુ કરેલા દસ્તાવેજો આંક–૩૫/૧ માં શ્રમ અધિકારીએ પણ શ્રમીકોને રીટ્રેંચમેન્ટ કરેલ છે અને સંસ્થાએ કાયદેસરની કાર્યવાહી

કરેલ છે તેવુ જણાવેલ છે. માટે મૌખીક હુકમથી છુટા કર્યા નથી તેવુ પુરવાર થાય છે માટે આ રેફરન્સ રદ કરવા તેઓની દલીલ છે. આમ, બીજા પક્ષકારની ઉલટ તપાસ, દસ્તાવેજો ઉપરથી રીટ્રેચમેન્ટ કર્યા હોવાનુ ફલીત થતુ હોય આ સંજોગોમાં રેફરન્સ રદ કરવા તેઓની દલીલ છે.

૧૭. આ કામમાં ઉપરોકત મુદૃાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

-: કા ર ણો :-

મુદૃા નં.૧ :-

૧૮. આ કામમાં મુદૃા નં. ૧ નો નિર્ણય કરતી વખતે ગુણદોષ ઉપર માંગણાના નિવેદન અને પ્રથમ પક્ષકારોના જવાબો ઉપર મુખ્ય તકરાર શું છે તે જોઈએ તો, આંક - ૭ ના માંગણાના નિવેદનમાં બીજા પક્ષકારના કેસ મુજબ તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થામાં બંને કામદારોએ ૧૧ વર્ષથી મશીન ખાતામાં કુશળ અને કાયમી કામદાર તરીકે ટર્નરનું કામ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા હતા અને તેઓને છુટા કર્યા એના બે - ત્રણ માસ અગાઉ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ ની માલ મશીનરી પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ માં ખસેડી લીધેલ અને પ્રથમ પક્ષકાર નં.૧ ના કાયમી કામદારને જબરજસ્તી રાજીનામુ લખાવી લઈ ગેરકાયદેસર રીતે કોઈ હકકના નાણાં ન આપી સંસ્થા નં.૨ માં લઈ જઈ નવેસરથી ભરતી કરેલ હોય અને તેવી રીતે અધ્ધરીયા કામદાર તરીકે કામ કરાવી રહયા છે. બીજા પક્ષકારોને પણ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થામાં લઈ જઈ કામ લીધેલ છે. આમ, સંસ્થા નં. ૧ અને ૨ એકજ માલીકની કંપની છે અને તેમનુ મેઈન સંચાલન મુખ્ય સંસ્થા તરીકે વેસ્ટર્ન ઓટોમાંથી થાય છે અને તેઓને નોકરીના હકકો માંગતા પ્રથમ પક્ષકાર નં.૧ માં હકકો આપવાનો ઈન્કાર કરી નોકરીમાંથી છુટા કરવાની ધમકી આપતા અને તા.૧૫/૬/૨૦૦૧ ના રોજથી ઉત્પાદન પ્રક્રિયા બંધ કરેલ. બીજા પક્ષકારોને તા.૧૫/૭/૨૦૦૧ ના રોજ મૌખીક

હુકમથી ગેરકાયદેસર, ગેરવ્યાજબી રીતે છુટા કરેલ તેવુ જણાવેલ છે. આ સામે પ્રથમ પક્ષકાર નં.૧ ના આંક–૧૧ ના જવાબમાં બીજા પક્ષકારની સદરહુ વિગતોનો ઈન્કાર કરી સબંધીત કામદારોને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ માંથી પ્રથમ પક્ષકાર સંસ્થા નં.ર માં લઈ જઈ કામ કરાવેલ તે હકીકતનો ઈન્કાર કરેલ છે. બંને સંસ્થાઓ એક માલીકની હોવાનો ઈન્કાર કરી આ સંસ્થાઓ સીસ્ટર્ન કન્સલ્ટ હોવાનો પણ ઈન્કાર કરેલ છે. અને તા.૧૫/૬/૨૦૦૧ ના રોજ સંસ્થા બંધ કરવામાં આવી અને તેની જાણ સંબધીત કામદારોને રજીસ્ટર એ.ડી.થી કરવામાં આવી હતી તેમજ કામદારોના નિકળતા હકકોની રકમ ચેક સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા મારફતે નોટીસ મોકલી આપવામાં આવેલ. કામદારઓએ કોઈ ગેરવર્તણૂક માટે છુટા કરેલ નથી. તા.૪/૬/૨૦૦૧ ના રોજ મૌખીક હુકમથી છુટા કરેલ નથી. આ સંજોગોમાં બીજા પક્ષકારો કોઈ દાદ મેળવવા હકકદાર ન હોઈ રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર નં.૧ તરફે તકરાર લેવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.ર તરફે આંક–૧ર થી જવાબ આપી બીજા પક્ષકારને તેમની સંસ્થામાં પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ખસેડતા ત્રણ ચાર મહિના પહેલા બીજા પક્ષકારોને પ્રથમ પક્ષકાર નં.ર સંસ્થામાં ખસેડેલ નથી. અને ત્યારે બીજા પક્ષકારોનો રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર નં.ર એ તકરાર લીધેલ છે.

૧૯. ઉપરોકત વિગતે બન્ને પક્ષના પ્લીડીંગ ઉપરથી મહત્વની તકરારો ટર્મ્સ ઓફ રેફરન્સના નિર્ણય માટે ધ્યાને લઈ નિર્ણય કરતી વખતે જોઈએ તો, મજૂર કમિશનર રૂબરૂની ફરિયાદ નં. ૬૮૦, ૬૮૧/૦૧ માં તા. ૧૫/૭/૨૦૦૧ ના છુટા કર્યાની તારીખ જણાવેલ છે અને છુટા કરવાનું કારણ કાયદેસરના હકકો, લાભો, નોકરીના પુરાવા માંગતા છુટા કર્યાનું જણાવેલ છે. આ અંગે આંક – ૭ ના બીજા પક્ષકારોના માંગણાના નિવેદનમાં પેરા – ૬ માં હકકો, લાભો, નોકરીના પુરાવા આપતા ન હતા, તેની માંગણી કરતા સંસ્થા નં. ૧ માં રાજીનામું આપવાનો ઈન્કાર કરતા બન્ને કામદારોને તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ મૌખિક હુકમથી છુટા કર્યાનું જણાવેલ છે. એટલે કે, રાજીનામું આપવાનો ઈન્કાર કરતા મૌખિક હુકમથી છુટા કર્યાનું મજૂર કમિશનર રૂબરૂની ફરિયાદમાં

જણાવેલ નથી. પરંતુ, તેટલી જુદી વિગત માંગણાના નિવેદનમાં જણાવેલ છે. જયારે આ અંગે પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલશ્રીની દલીલ મુજબ આંક – ૧૪ ની બીજા પક્ષકાર જીતેન્દ્ર ગોરાભાઈની ઉલટ તપાસમાં પાના – ૬ ઉપર બીજા પક્ષકારે જણાવેલ છે કે, ''તા. ૧૫/૬/૨૦૦૧ પછી પ્રિત ઓટો ઈન્ડસ્ટ્રીઝના મશીન ઉઠાવી લીધેલ હતા એટલે કામ કરેલ નથી.'' તેવું જણાવે છે. ત્યારે આ અંગે આગળ એમ પણ જણાવે છે કે, **''તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ ઓફિસમાં બોલાવી પગાર આપતા હતા જે અમે લીધેલ નથી''.** એટલે કે, સંસ્થા બંધ થતાં પગાર આપતા આ સાહેદે સ્વીકારેલ નથી તેવું આ સાહેદ સ્વીકારે છે. તેમજ જુબાનીના પાના – ૫ ઉપર ઉલટ તપાસમાં પ્રથમ પક્ષકાર નં. ૨ માં કામ કર્યાનો તેમની પાસે પુરાવો નથી તેવું બીજા પક્ષકાર જણાવે છે તેમજ પાલ સેલ કાસ્ટ પ્રથમ પક્ષકાર નં. ૨ ના હાજરી પત્રક અને પગાર પત્રકમાં તેમનું નામ નથી તે વાત ખરી હોવાનું સ્વીકારે છે. એટલે કે, બીજા પક્ષકારના કેસ મુજબ તેઓએ પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થામાં કામ કર્યુ હોય તેવો પુરાવો ન હોવાનું તેઓ સ્પષ્ટ રીતે સ્વીકારતા હોય ત્યારે માંગણાના નિવેદન મુજબ પ્રથમ પક્ષકાર નં. ૨ માંથી તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ છુટા કર્યાનું પણ સાબિત થતું નથી અને પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા ઉપર જોયા મુજબ તા. ૧૫/૬/૨૦૦૧ ના રોજ બંધ થયેલ છે, અને તા. ૧૫/૬/૨૦૦૧ સુધી પ્રથમ પક્ષકાર નં. ૧ માં કામ કરેલ છે તેવું પણ ઉલટ તપાસના પાના – ૪ ઉપર આ બીજા પક્ષકાર સ્વીકારે છે. ત્યારે તા. ૧૫/૭/૨૦૦૧ ના બીજા પક્ષકારને છુટા કર્યાનું આ સાહેદની જુબાનીથી ફલિત થતું નથી તેવું તારણ થાય છે. ત્યારે, આંક – ૨૦ ના બીજા પક્ષકાર ટીનુભાઈ ધનજીભાઈની જુબાનીમાં તેઓ સરતપાસમાં તા. ૧૫/૭/૨૦૦૧ ના છુટા કર્યાનું કહે છે. પરંતુ, ઉલટ તપાસમાં પાના – ૪ ઉપર તા. ૧૫/૭/૨૦૦૧ પહેલાં ૪–૫ દિવસ અગાઉ સંસ્થા બંધ થયેલ હોવાનું જણાવે છે. આમ, આ પુરાવો બીજા પક્ષકાર નં. ૧ ના ઉપર જોયા મુજબના પુરાવાથી વિરૂઘ્ધનો પુરાવો છે. તેમજ આ પુરાવો એ તા. ૧૫/૬/૨૦૦૧ ના રોજ સંપૂર્ણ સંસ્થા બંધ થઈ ગઈ છે તેવું ઉલટ તપાસના પાના – ૫ ઉપર આ જ બીજા

પક્ષકારે જયારે જણાવેલ હોય, જેનાથી સ્વયં વિરૂઘ્ધની બાબત ઉલટ તપાસના પાના – ૪ ઉપર તા. ૧૫/૭/૨૦૦૧ પહેલાં ૪–૫ દિવસ અગાઉ સંસ્થા બંધ થયાનું આ બીજા પક્ષકાર જણાવે છે, જેનાથી ખરેખર તા. ૧૫/૬/૨૦૦૧ ના બંધ થયાના પ્રથમ પક્ષકારના કેસને સમર્થન મળે છે. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા ઘ્વારા રજુ થયેલા દસ્તાવેજો મુજબ બીજા પક્ષકારને સંસ્થા બંધ થતા આપવામા આવતા હકકો અંગેની પ્રથમ પક્ષકારના જવાબ મુજબ આંક – ૩૩ ની જુબાનીમાં પાના – ૨ ઉપર જણાવેલી વિગતે કરેલી કાર્યવાહીને તેઓની ઉલટ તપાસ જોતાં ન માનવા યોગ્ય કોઈ વિરૂઘ્ધની વિગત ફલિત થતી ના હોય ત્યારે ગ્રાહય રાખવા યોગ્ય જણાય છે અને આ સંજોગોમાં ટર્મ્સ ઓફ રેફરન્સ મુજબ તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ બીજા પક્ષકારને છુટા કર્યાનું ફલિત થતું નથી.

૨૦. તેવી જ રીતે આંક – ૧૪ ના બીજા પક્ષકારની જુબાનીમાં જે મહત્વનો વિરોધાભાસ છે તે અંગે જોતાં ઉલટ તપાસના પાના – ૬ માં બીજા પક્ષકાર નં. ૧ નાએ જણાવેલ છે કે, ''**તા. ૧૭/૭/૦૧ ના રોજ કંપની સંપૂર્ણ બંધ કરવાથી છુટા કરેલ છે તે વાત ખરી છે.**'' એટલે કે, બીજા પક્ષકારે ટર્મ્સ ઓફ રેફરન્સથી વિરૂઘ્ધની બાબત તેમની જુબાનીમાં જણાવેલ છે અને આ રીતે બીજા પક્ષકાર ટર્મ્સ ઓફ રેફરન્સ મુજબ તેઓને તા. ૧૫/૭/૨૦૦૧ ના રોજ છુટા કર્યાનું માંગણાના નિવેદન મુજબ પુરવાર કરી શકતા નથી તેવા તારણ ઉપર આવું છું અને મુદ્દા નં. ૧ નો નિર્ણય ઉપરના કારણોસર નકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં.૨ :–</u>

૨૧. ઉપરોકત વિગતે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થાના કામદાર હોવાનું સાબિત થતું ના હોઈ, તથા પ્રથમ પક્ષકાર નં. ૨ ના કામદાર છે તેવો તેમનો કેસ ના હોય ત્યારે બીજા પક્ષકારને નોકરીમાં પુન: સ્થાપિત થવાનો કે પડેલા દિવસોના પગાર સહિત હકકો મેળવવાનો ગુણદોષ પર હકક ઉભો થતો ના હોઈ, ઉપરના મુદ્દા

નં. ૧ ના તમામ કારણો ધ્યાને લઈ મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતા મુદ્દા નં.૩ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

૧. બીજા પક્ષકારનો સદરહુ રેફરન્સ (એલ.સી.એ.) નં. ૧૫૦૮/૨૦૦૧ આથી નામંજૂર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા. ૨૩/૩/૨૦૧૮
અમદાવાદ.
CODE-GJ00311

(ઝાહીદભાઈ બાબુભાઈ દેસાઈ)
પ્રમુખ અધિકારી
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

T. H. DAVE, P.A.